## (1) 'Transparent Taxation- Honoring The Honest' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) દેશના પ્રમાણિક કરદાતાઓને સન્માન આપનારું આ એક પ્લેટફોર્મ છે.
(2) તેનો હેતું આવક કર પ્રણાલિમાં પારદર્શકતા લાવવાનો તથા કરદાતાઓને સશકત બનાવવાનો છે.
(3) આ પ્લેટફોર્મમાં ચહેરાવિહીન મૂલ્યાંકન (Faceless Assessment), ચહેરાવિહીન અપીલ તથા ટેકસપેયર ચાર્ટર જેવા મુખ્ય આકર્ષણો છે.
(4) આ ત્રણેય આકર્ષણો પ્લેટફોર્મની સાથે નહી પરંતુ 25 સપ્ટેમ્બરે લોંચ કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પ્રધાનમંત્રી એ 'Transparent Taxation-Honoring The Honest' નામનું એક પ્લેટફોર્મ લોંચ કર્યુ છે જે પ્રમાણિક કરદાતાઓને સન્માન આપનારું પ્લેટફોર્મ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પ્લેટફોર્મના 2 હેતુઓ છે :
(1) આવક કર પ્રણાલિમાં પારદર્શકતા લાવવી.
(2) કરદાતાઓને સશકત બનાવવા
(આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પ્લેટફોર્મના 3 મુખ્ય ફીચર છે. જેમાં ચહેરાવિહીન મૂલ્યાંકન, ચહેરાવિહીન અપીલ તથા ટેકસપેયર ચાર્ટરનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ચહેરાવિહીન મૂલ્યાંકન તથા ટેકસપેયર ચાર્ટર પ્લેટફોર્મના લોંચ સાથે જ કાર્યરત્ થશે. જ્યારે ચહેરાવિહીન અપીલ 25 સપ્ટેમ્બરથી કાર્યરત્ થશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ ચહેરાવિહીન મૂલ્યાંકન દ્વારા કરદાતા અને કર વિભાગ વચ્ચેનો ઈન્ટરફેસ (Interface) દૂર થશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) Perseid ઉલ્કાવર્ષા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક વાર્ષિક અવકાશી ઘટના છે.
(2) તે સામાન્ય રીતે ઓગસ્ટના મધ્ય સમયમાં વધુ જોવા મળે છે.
(3) આ ઉલ્કાવર્ષા પ્રથમ વખત 1823માં જોવા મળી હતી.
(4) ભારત તથા એશિયામાં આ ઉલ્કાવર્ષા જોવા મળતી નથી કારણ કે, તે એટલાન્ટીક તથા ઉત્તર પેસિફિકના વિસ્તારને સમાંતર હોવાથી તે જ વિસ્તારમાંથી જોવા મળી શકે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ **Perseid** નામની ઉલ્કાવર્ષા 17થી 26 ઓગસ્ટ, 2020 દરમિયાન સક્રિય થશે. આ એક વાર્ષિક અવકાશી ઘટના છે તથા તેને ઉત્તમ ઉલ્કાવર્ષા ગણવામાં આવે છે કારણ કે તેને પૃથ્વી પરથી નરી આંખે જોઈ શકાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ઉલ્કાવર્ષા સામાન્ય રીતે દર વર્ષે ઓગસ્ટના મધ્યમાં વધુ સક્રિય હોય છે આથી ત્યારે તેને સહેલાઈથી જોઈ શકાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ ઉલ્કાવર્ષા પ્રથમ વખત 2000 વર્ષ પહેલાં નોંધાય હતી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ **Swift-Tuttle** નામના ધૂમકેતુ દ્વારા છોડવામાં આવેલા અવકાશી કચરાના વિસ્તારમાંથી પૃથ્વી પસાર થતી હોવાથી **Perseid** ઉલ્કાવર્ષા જોવા મળે છે.

⇛ ભારતમાં પ્રદૂષણ તથા વરસાદી વાદળોના કારણે આ ઉલ્કાવર્ષાને જોવી કઠીન બને છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) હોર્નબીલ (Hornbill) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ પક્ષી મુખ્યત્વે સમશીતોષ્ણ કટિબંધના યુરોપીય વિસ્તાર તથા હિમાલયમાં જોવા મળે છે.
(2) ભારતના હોર્નબીલની 9 પ્રજાતિ જોવા મળે છે.
(3) ગ્રેટ હોર્નબીલ અરુણાચલ પ્રદેશ તથા કેરળનું રાજ્યપક્ષી છે.
(4) નાગાલેન્ડમાં હોર્નબીલ તહેવાર પણ ઊજવવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલત તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં સેટેલાઈટ ડેટાના એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે અરુણાચલપ્રદેશ અને આસામના મુખ્ય હોર્નબીલ રહેઠાણોમાં મોટા પ્રમાણમાં જંગલનો નાશ થઈ રહયો છે.

⇒ હોર્નબીલ પરીવારના પક્ષીઓ મુખ્યત્વે ઉષ્ણકટિબંધીય અને ઉપઉષ્ણકટિબંધીય આફ્રિકા અને એશિયામાં જોવા મળે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ ભારતમાં હોર્નબીલની 9 પ્રજાતિ જોવા મળે છે. ભારતમાં પૂર્વોત્તર વિસ્તારમાં હોર્નબીલની સૌથી વધુ વિવિધતા જોવા મળે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ ગ્રેટ હોર્નબીલ નામનું પક્ષી અરુણાચલ પ્રદેશ તથા કેરળનું રાજ્ય પક્ષી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ નાગા સમુદાય માટે હોર્નબીલ ખૂબ જ માનનીય પક્ષી છે. નાગાલેન્ડમાં આ પક્ષીના નામ પરથી હોર્નબીલ તહેવાર પણ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ ગ્રેટ હોર્નબીલનું વર્ગીકરણ IUCN દ્વારા સંવેદનશીલ (Vulnerable) પ્રજાતિ તરીકે કરવામાં આવ્યું છે.

⇒ ભારતના વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ તેને અનુસૂચિ-1 હેઠળ સંરક્ષણ મળેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) વિશ્વ હાથી દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ દિવસની શરૂઆત એશિયાઈ અને આફ્રિકન હાથીઓની હાલત જોઈને 2012માં કરવામાં આવી હતી.

(2) એશિયાઈ હાથીની બે પેટા પ્રજાતિ છે.

(3) આ બે પેટા પ્રજાતિ મલેશિયન હાથી અને ભારતીય હાથી છે.

(4) આફ્રિકન હાથીની 3 પેટા પ્રજાતિ છે.

(A) માત્ર (1)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ વિશ્વમાં દર વર્ષે 12 ઓગસ્ટના રોજ વિશ્વ હાથી દિવસ ઊજવવામાં આવે છે. આ દિવસ ઊજવવાનો હેતુ હાથીના સંરક્ષણ વિશેની જાગૃતતા કેળવવાનો છે.

⇛ આ દિવસ ઊજવવાની શરૂઆત એશિયાઈ અને આફ્રિકન હાથીની ગંભીર પરિસ્થિતિને જોઈને 2012માં કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ એશિયાઈ હાથીની 3 પેટા પ્રજાતિઓ છે.
(1) ભારતીય હાથી, (2) સુમાત્રન હાથી અને (3) શ્રીલંકન હાથી (આથી, વિધાન (2) અને (3) ખોટાં છે.)

⇛ ભારતીય હાથીઓની રેંજ તથા સંખ્યા એશિયામાં સૌથી વધુ છે.

⇛ ભારતમાં આશરે 28,000 હાથીઓ છે. આ પૈકી 25% માત્ર કર્ણાટકમાં જ જોવા મળે છે.

⇛ એશિયાઈ હાથીનું IUCN વર્ગીકરણ ભયજનક (Endangered) તરીકે કરવામાં આવ્યું છે.

⇛ આફ્રિકન હાથીઓની 2 પેટા પ્રજાતિઓ છે.
(1) સવાન્ના હાથી અને (2) ફોરેસ્ટ/જંગલી હાથી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આફ્રિકન હાથીનું IUCN વર્ગીકરણ સંવેદનશીલ (Vulnerable) તરીકે કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) Ceres નામના અવકાશી પદાર્થ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે એક વામન ગ્રહ (Dwarf Planet) છે.

(2) તે મંગળ અને ગુરુ વચ્ચેના એસ્ટેરોઈડ બેલ્ટનો સૌથી મોટો પદાર્થ છે.

(3) તે આંતરિક સૌર મંડળમાં જોવા મળતો એકમાત્ર વામન ગ્રહ છે.

(4) નાસાના તાજેતરના અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે તેના ભૂગર્ભમાં ખારું પાણી જોવા મળે છે.

(A) માત્ર (2) અને (3)  (B) માત્ર (1) અને (4)

(C) માત્ર (1), (2) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ નાસના **Dawn** અવકાશયાનના ડેટા પરથી જાણવા મળ્યું છે કે, **Ceres** નામના વામન ગ્રહ પર ભૂગર્ભમાં ખારું પાણી છે. (આથી, વિધાન **(1)** અને **(4)** સાચાં છે.)

⇛ મંગળ અને ગુરુ વચ્ચે આવેલા એસ્ટેરોઈડ બેલ્ટમાં જોવા મળતો તે સૌથી મોટો પદાર્થ છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ બુધ, શુક્ર, પૃથ્વી અને મંગળ આંતરિક સૌરમાળાનો ભાગ છે. **Ceres** એકમાત્ર એવો વામન ગ્રહ છે જે આંતરિક સૌરમાળામાં જોવા મળે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ વૈજ્ઞાનિકો દ્વારા તેને **2006**માં વામન ગ્રહ જાહેર કરવામાં આવ્યો હતો.

⇛ તેનો વ્યાસ **950 km**નો છે. તે **1682** દિવસ (**4.6** પૃથ્વી વર્ષ)માં સૂર્ય ફરતે ચક્કર લગાવે છે.

⇛ તેને કોઈ ઉપગ્રહ કે રીંગ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT